# ધાનેરાના નાના વેપારીઓ પર કાયમ દબાણની લટકતી તલવાર

## પાલિકાના શત્તાધિશો દ્વારા ગરીબોને ટાર્ગેટ બનાવી દબાણ તોડે છે : ગરીબ લોકોની રોજી-રોટી છીનવતા આંખોમાં દુઃખના આંસુ

ધાનેરા, તા. ૨૮

ધાનેરા માં નાના વેપારીઓ પર કાયમ માટે દબાણ ની લટકતી તલવાર જોવા મળી રહી છે અને વર્ષ માં ત્રણ વાર આ લારી ગલ્લા હટાવી વેપારીઓ પાસે પાલિકા રોજી રોટી છીનવી લે છે ત્યારે આજે ફરીવાર પાલિકા દ્વારા આ લોકો ની રોજી રોટી છીનવતા વેપારીઓ ના આંખ માંથી આશુ ઉભરાઈ આવ્યા છે તો બીજી તરફ પાકા દબાણ ન તોડતા લોકો માં ભારે રોષ જોવા મળી રહ્યો છે

ધાનેરા માં વર્ષોથી દબાણ ને લઈ અને સમસ્યા સર્જાય છે અને ધાનેરા નગરપાલિકા દ્વારા વારંવાર દબાણ હટાવવા નું નાટક કરવામાં આવે છે ત્યારે આજે ફરીવાર પાલિકા દ્વારા ધાનેરા માં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ફક્ત લારી ગલ્લા ના દબાણ હટાવતા ગરીબો નિરાધાર બની જવા પામ્યા છે ધાનેરા મધુસુદન માર્કેટ આગળ નાના વેપારીઓ દ્વારા લારી ગલ્લા ઉપર સામાન્ય વેપાર કરી પોતાનું અને પોતાના પરિવાર નું ગુજરાન ચલાવી રહ્યાં છે ત્યારે પાલિકા દ્વારા વારંવાર આજ વેપારીઓ ના દબાણ હટાવતા આજે ધાનેરા માં ભારે ગરમાવો જોવા મળ્યો હતો ત્યારે આજે ધાનેરા માં એકજ પ્રશ્ન ઉઠવા પામ્યા છે કે ધાનેરા તમામ રસ્તાઓ અત્યારે દબાણ થયુ ઉભરાઈ રહ્યા છે મોટા મોટા દબાણ થઈ રહ્યા છે છતાં પણ પાલિકા ના શત્તાધિશો ધ્વરા ત્યતા કોઈ જાત ની કાર્યવાહી કરવામાં નથી આવતી અને અહીંયાજ દબાણ હટાવી ગરીબો ને હેરાન કરવામાં આવી રહ્યા છે ત્યારે ધાનેરા ના લોકો ની સૌથી મોટી માંગ એ છે કે પાલિકા દ્વારા જો દબાણ હટાવવું હોય તો તમામ દબાણ હટાવે અને ગરીબો ને હેરાન કારવાઁમ્મુ બંધ કરે ત્યારે હવે જોવાનું એ રહે છે કે પાલિકા ના સત્તધીશો અન્ય દબાણ ક્યારે તોડાવે છે.



### સિવિલ જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે

# ‘બાળ સેવા કેન્દ્ર’ની સેવાઓનો લાભ લેવા માટે જરૂરીયાતમંદ પરિવારોને અપીલ

પાલનપુર, તા. ૨૮

ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ અને રીસર્ચ ઇન્સ્ટિટયુટ દ્વારા પાલનપુર સ્થિત સિવિલ જનરલ હોસ્પિટલ ખાતે કુપોષણથી પીડિત બાળકો માટે ‘બાળ સેવા કેન્દ્ર’ની સેવા લેવા માટે જરૂરિયાતવાળા પરિવારોને આહવાન કરાયું છે.

‘બાળ સેવા કેન્દ્ર’ ખાતે કુપોષિત બાળકોની નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે, જેમાં હોસ્પિટલમાં દાખલ કરવા માટે કેટલાક માપદંડ નક્કી કરેલ છે. જેમાં બાળકોના વજન અને ઊંચાઈ, બાવડાના માપ લેવા ઉપરાંત, બન્ને પગે સોજા હોય તેવા બાળકોનું પરીક્ષણ કરીને જરૂરી જણાય તો આરોગ્ય સારવાર માટે ૧૪ દિવસ સુધી દાખલ રાખવામાં આવે છે. કુપોષણથી પીડિત બાળકોને જરૂરી દવા અને ખોરાક વિવિધ તબક્કામાં આપવામાં આવે છે તેની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે.

બનાસકાંઠા જિલ્લો ભૌગોલિક રીતે અનેક રીતે અલગ પડતો વિસ્તાર છે. વાવ ,થરાદ, સુઈગામ જેવા વિસ્તારોમાં રણ છે જયારે દાંતા, અમીરગઢ અને અંબાજી ટ્રાયબલ વિસ્તાર છે ત્યાં ખાસ કરીને કુપોષિત બાળકોનું પ્રમાણ વધારે જોવા મળે છે. જો કુપોષિત બાળકોની યોગ્ય રીતે સારવાર કરાવવામાં ન આવે તો બાળકના શારીરિક વિકાસ પર ખૂબ જ વિપરીત અસર પડે છે તેના લીધે વારંવાર ચેપ લાગવો, બિમાર પડવું, ઝાડા/ઉલટી થવા, શરદી થવી, તાવ આવવો, શરીરનો શારીરિક તથા માનસિક વિકાસ અટકી જવો, સ્વભાવ ચીડિયો થઈ જવો, બાળક વધારે પડતું રડવા માંડે આવા એવી તકલીફો થતી હોય છે અને આવા સંજોગમાં બાળકનું બાળ મરણ થવાની સંભાવના રહેતી હોય છે.

કુપોષણ પીડિત બાળકની માતા હોસ્પિટલમાં રોકાણ કરે ત્યારે તેને સવારનો નાસ્તો, બપોરનું ભોજન અને રાત્રે પણ ભોજન આપવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. આમ બાળકની માતા માટે પણ પૌષ્ટિક ખોરાક આપવામાં આવે છે. બાળકની માતાને કુલ રૂ .૨૫૦૦ પણ મળવાપાત્ર છે જેમાં દરરોજના રોકાણ મુજબ રૂ. ૧૦૦ પ્રમાણે રૂ.૧૪૦૦ અને ભાડા પેટે રૂ.૨૦૦ આપવામાં આવે છે અને રજા આપ્યા પછી ૧૫-૧૫ દિવસના ફોલો-અપના રૂ.૯૦૦ મળવાને પાત્ર છે. જયારે બાળકોને રીફર કરવામાં આવે ત્યારે બાળકના દરેક વિઝીટ દીઠ રૂ.૫૦ આશા બહેનોને પણ આપવામાં આવે છે. ૨૦૧૭-૧૮ના વર્ષમાં ૧૫૦ અત્યાર સુધી આ કેન્દ્રમાં સારી રીતે સારવાર લઈ રહ્યા છે.









ગુજરાત રાજ્ય માં સતત છઠ્ઠી વખત ભાજપાની સરકારની શાસન સ્થાપીત થયુ છે ત્યારે આજે રાજ્ય નાં નવનિયુક્ત રાજ્ય કક્ષાનાં મંત્રી પરબતભાઈ પટેલ મોડી સાંજે યાત્રાધામ અંબાજી ની મુલાકાતે પહોંચ્યાં હતા. જ્યાં બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર થી સ્વાગત કરાયુ હતુ. નીજ મંદિરમાં મંદિરનાં પુજારીએ કુંમકુંમ તીલક ને માતાજી ની ચુંદડી અર્પણ કરી આશીર્વાદ આપ્યા હતા. ત્યાર બાદ માતાજીની ગાદી ઉપર ભટ્ટજી મહારાજનાં આશીર્વાદ લીધા હતા.

# માં અંબાનો પ્રાગટ્ય દિવસ પોષી પુનમે ઉજવાશે

ખેડબ્રહ્મા, તા. ૨૮

અરવલ્લી ગિરીમાળા મા બિરાજતા મા અંબાના પ્રાગટ્ય દિવસ એટલે પોષિ પુનમ જે મોટી પુનમ આ દિવસ ભક્તો માટે કંઇ ખાસ બનીજાય છે આ દિવસે મા ભક્તો દુરથી અચુક દર્શન કરવા માટે આવે છે પોષી પુનમે મા અંબા કમળની સવારી પર બિરાજમાન થાય છે મંદિરના પુજારી દ્વારા ફુલો અને માળાથી અલૌકિક સણગાર સજાવવામા આવે છે.

પોષી પુનમને લઈને મંદિર ટ્રસ્ટ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાશે ૧ જાન્યુઆરી ચૌદસના રાત્રી દરમીયાન જીતુ ભગત દ્વારા આનંદ ગરબાનું આયોજન કરવામા આવ્યુ છે તેમજ સવારે વીનીજ મંદિરે ધ્વજારોહણ કરવામાં આ વષે અને ૧૦૦૮ દિવડાની આરતી ઉતારવા મા આવસે જેનો લ્હાવો લેવા માઈભક્તોરાજસ્થાન તેમજ ગુજરાતના અનેક લોકો આવશે.



આજે રાજ્યનાં કેબીનેટ પ્રધાન ભુપેન્દ્રસીહ ચુડાસમા માં-અંબાના દર્શન કરવા અંબાજી પહોંચ્યા હતા. ભુપેન્દ્રસિંહ ચુડાસમા માં-અંબાના નીજ મંદિરમાં દર્શને પહોંચ્યા હતા ત્યારે મંત્રોચ્ચારથી તેમનું સ્વાગત કરાયું હતું. પુજારી દ્વારા પુજાવીધી કરાવી માતાજીની પાવડી મુકી ને ચુંદડી ઓઢાડી આશીર્વાદ આપ્યા હતા. ચુડાસમાએ માતાજીની ગાદી પર ભટ્ટજી મહારાજ નાં આશીર્વાદ લઈ રક્ષા પોટલી બંધાવી હતી. આ પ્રસંગે ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતુ કે પ્રજા એ જે ભાજપ સરકારનાં કામ ઉપર અને મોદી સાહેબનાં નામ પર વિશ્વાસ મુક્યો છે તેનો આભાર માનવા આવ્યો છુ.

# ભુતેડીની પરિણીતાએ આપઘાત કરી જીવનલીલા સંકેલી લીધી

પાલનપુર, તા. ૨૮

પાલનપુર તાલુકાના ભુતેડી ગામની પરિણીતાએ સાસરિયાના ત્રાસથી ઝેરી દવા પી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી.

**સાસરિયા ત્રાસથી પરણીતાએ આપઘાત કર્યો હોવાની ફરિયાદ**

પાલનપુર તાલુકા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ભુતેડી ગામની પરણીતા લખુબેનને તેણીના સાસરિયા દહેજના મુદ્દે અવાર નવાર શારીરિક માનસિક ત્રાસ ગુજારતા હતા. અને તું ગરીબ ઘરની ભૂખડી તારા બાપે કરિયાવર માં કશુ આપ્યું નથી તેવા મેણા ટોણા સહન ન થતા તેણીએ મંગળવારે રાત્રે ઝેરી પ્રવાહી પી આપઘાત કરી લીધો હતો. આ અંગે પાલનપુર તાલુકાના વરવાડિયા ગામના ગોવિંદભાઈ ગણેશભાઈ કોરોટએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે મુકેશભાઈ નાનજીભાઈ પટેલ, ગંગાબેન નાનજીભાઈ પટેલ, નાનજીભાઈ લાલજીભાઈ પટેલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ઉદય સેવા સંસ્થાન ભિલોડા દ્વારા વેજપુર ગામ પંચાયતમાં મફ્ત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ૭૮ દર્દી ની આંખો ની ચકાસણી કરવામાં આવેલ છે જેમાં ૩૩ દર્દી ને મોતીયો હોઈ સદર સંસ્થા દ્વારા મફ્ત ઓપરેશન માટે તારીખ આપવામાં આવી.આ પ્રસંગે વેજપુર ગામ પંચાયત સરપંચ જશુભાઈ અસારિ તથા ગામજનો હાજર રહ્યા હતા. સાથે જિતેન્દ્ર ભાટિયા, રાજુભાઈ સોની, કિરીટ પંચાલ, જે.પી.શમા વિગેરે એ હાજર રહી કેમ્પ ને સફળ બનાવ્યો હતો.

# પરબડાથી બાયપાસ રોડને જોડતા રસ્તાનું સમારકામ ન કરાતા હાલાકી

## રોડનું કામ જિલ્લા પંચાયતના સદસ્યોને મળ્યું હોવાની ચર્ચા

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના પરબડાથી બાયપાસ રોડને જોડતા રસ્તાનું કામ છેલ્લા ઘણા સમયથી અધુરું હોવાને કારણે આ વિસ્તારના લોકોને અવરજવર કરવામાં ખુબ જ મુશ્કેલી પડી રહી છે. જે અંગે ગુરુવારે પરબડાના ગ્રામજનોએ જિલ્લા કલેકટરને લેખિત રજૂઆત કરીને રોડનું કામ સત્વરે પૂર્ણ કરવાની માંગ કરી છે.

આ અંગે પરબડાના ગ્રામજનોએ કલેકટરને કરેલી લેખિત રજૂઆતમાં આક્ષેપ કરતા જણાવ્યું છે કે પરબડાથી બાયપાસ રોડને જોડતા રસ્તાનું કામ જિલ્લા પંચાયતના એક સદસ્યને મળ્યું હોવાના કારણે તેમને સમય મર્યાદામાં કામ પૂર્ણ કર્યું નથી. દિવાળી અગાઉ રોડ ઉપર મેટલ પાથરીને આગળનું કામ બંધ કરી દેતા રોજબરોજ અહીંથી વાહનો લઈને પસાર થતા વાહન ચાલકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

એટલું જ નહિ પણ મેટલ રોડ પરથી પસાર થતા વાહન ચાલકોમાં વાહનોમાં અવારનવાર પંકચર પડી જતા હોવાને કારણે ખુબ જ હાલાકી વેઠવી પડે છે જેથી જિલ્લા કલેકટરે આ રોડના કોન્ટ્રાક્ટરને તાકીદ કરી સત્વરે રોડનું કામ પૂર્ણ કરવા જણાવવું જોઈએ.

# ધાનેરાના રવિયા ગામ નજીક અજાણ્યા વાહનની ટક્કરે ૧૧ વર્ષીય બાળકીનું મોત



ધાનેરા, તા. ૨૮

ધાનેરા તાલુકા ના રવિયા ગામ નજીક કોઈ અજાણ્યા વાહન ચાલકે ૧૧ વર્ષીય બાળકી ને અડફેટે લેતા બાળકી નું ઘટના સ્થળ ઉપર મોટ નિપજતા અરેરાટી મચી જવા પામી છે ધાનેરા તાલુકા ના રવિયા ગામ નજીક આજે બપોર ના સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે ૧૧ વર્ષીય શિલ્પાબેન ઠાકોર (કોળી) નામની બાળકી ને અડફેટે લેતા બાળકી નું ઘટના સ્થળ ઉપર કમકમાટી ભર્યું મોટ નિપજતા અરેરાટી મચી જવા પામી હતી તો બીજી તરફ અજાણ્યો વાહન ચાલક અકસ્માત સર્જી ફરાર થઇ જવા એપામ્યોહતો ત્યારે ધાનેરા ૧૦૮ દ્વારા બાળકી ને ધાનેરા ની રેફરલ હોસ્પિટલ માં ખસેડી હતી અને ધાનેરા પોલીસે વધુ તાપસ હાથ ધરી છે

# મહેસાણા જિલ્લા કોંગ્રેસ કારોબારી બેઠકમાં મહત્વના નિર્ણય લેવાયા

મહેસાણા, તા. ૨૮

મહેસાણા જિલ્લામાં ટૂંક સમય પહેલા જ કોંગ્રેસની ચિંતન શિબિર સમગ્ર ગુજરાતની યોજવામાં આવી હતી જેને લઈને ચિંતન શિબિરમાં મહેસાણા નગરપાલિકા સહિત જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

તાજેતરમાં મહેસાણા સહિત સમગ્ર ગુજરાતમાં વિધાનસભાની પક્ષ વિરોધી મહેસાણા નગરપાલિકામાં કમિટીમાં વિરોધમાં ગયા હતા તે તમામ માટે આજે કારોબારીમાં નિર્ણય કરવા માં આવ્યો છે. જેમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ



થયેલા નિર્ણય થકી આજે કોંગ્રેસની મહેસાણા જિલ્લાની કારોબારી બેઠક મળી હતી. જેમાં કોંગ્રેસ વિરોધી કામ કરતા કોર્પોરેટર સામે દંડનીય કાયર્વાહી સહિત આગામી મહેસાણા નગરપાલિકાનું બોર્ડ રચવા અને ભાજપમાંથી એક કોર્પોરેટરને કોંગ્રેસમાં સમાવા સહિતની બાબત પર કારોબારીએ મોહર મારતા હાલમાં ચુંટણી દરમિયાન કોંગ્રેસ વિરોધી કૃત્ય કરનાર કોંગ્રેસી કાર્યકર માટે ચિંતન શિબિરમાં પ્રદેશ પ્રમુખ તરફથી લાલ આંખ કરવામાં આવી છે. જેની સીધી અસર ચિંતન શિબિર બાદ આજે મહેસાણામાં જોવા મળી હતી. પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર અને વોર્ડ દીઠ મતદાનના બુથ સુધીના ગણિત જોતા કોંગ્રેસના કાર્યકારો કામ નથી કર્યું અને કારતા કોર્પોરેટરને સસ્પેન્ડ કરવા સહિત નવીન કારોબારીની રચના પાલિકામાં કરવા સહિત બોર્ડ બોલાવીને નવીન સમિતિની રચના કરવા અને ભાજપના એક કોર્પોરેટર ને કોંગ્રેસની બોડીમાં લેવા સહિતના મુદે આજે ઠરાવો કરાતા મહેસાણાના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો.

# છાપરીયા પ્રાથમિક શાળા સંકુલમાં જુગાર રમતા ચાર જુગારીઓ પકડાયા

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના છાપરીયા વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાના ગ્રાઉન્ડમાં ગુરુવારે ગંજી પાનાનો જુગાર રમતા ચાર જુગારીયાઓને પોલીસે બાતમીનાં આધારે છાપો મારી ઝડપી લીધા હતા અને તેમની પાસેથી રોકડ અને વાહન સહિત અંદાજે રૂા. ૫૪, ૬૪૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તેમની વિરુદ્ધ જુગાર ધારાની કલમ અંતર્ગત એ - ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હડીયોલપુલ છાપરીયા વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાના ગ્રાઉન્ડમાં ગુરુવારે બપોરે કેટલાક શખ્સો ખુલ્લામાં ગંજી પાનાનો હારજીતનો જુગારરમતા હોવાની બાતમી મળતા એ - ડીવીઝનના પી.એસ.આઈ., કે.સી. પટેલ, જયદીપસિંહ, લાલુભાઈ અને ગોરધનભાઈએ છાપરીયા પ્રાથમિક શાળાને કોર્ડન કરી પોલીસે ખુલ્લામાં જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી લીધા હતા.

ત્યારબાદ પોલીસો પકડાયેલા આ ચાર શખ્સોની પૂછપરછ કરતા રાજુભાઈ કચરાભાઈ તીરગર, અકબરભાઈ યાકુબભાઈ દીવાન, ઈમ્તિયાઝ અહેમદભાઈ મનસુરી અને ઈરફાન હુસેન લીયાકત હુસેન ચૌહાણ હોવાનું કબુલ્યું હતું. ત્યારબાદ પોલીસે તેમની પાસેથી રૂા. ૨૫ હજારની કિંમતનું બાઈક તથા રૂા. ૨ હજાર ના દરની ત્રણ મળી રૂા. ૬ હજાર તથા મોબાઈલ નંગ-૪ અને અન્ય રોકડ મળી રૂા. ૫૪, ૬૪૦ ની રકમનો મુદ્દામાલ કબ્જે લીધો હતો અને ચારેય જણા વિરુદ્ધ પોલીસે જુગારધારાની કલમ અંતર્ગત એ - ડીવીઝન પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



હિંમતનગર પરબડાના સરપંચ સાથે ગ્રામજનોએ ગુરુવારે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું જેમાં માંગણી મુખત્વે પરબડા થી બાયપાસને જોડતો માર્ગ ચાર વર્ષથી બનતો નથી જે પાસ કરાવ્યો અને તેનો જોબ નંબર પણ આવી ગયો છે પરંતુ આ માર્ગ મેટલ કર્યો છે અને કામ મુદત પૂર્ણ થઈ ગઈ છતાં રોડ બન્યો નથી જેને લઈને તે રોડનું સત્વરે કામ શરુ કરાવવા માટેની માંગણી કરી હતી જો રોડ નહિ બને તો અગામી દિવસોમાં ગાંધી ચિધ્યા માર્ગે ગ્રામજનોએ અંદોલન કરવાની ચીમકી પણ આપી છે.

# હિંમતનગરના બેરડા રોડ પર વેપારીના એક્ટીવાને લાત મારી છ લાખનું પાકીટ ઝૂંટવી બે શખ્સો ફરાર

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના બેરણા રોડ પર આવેલ શ્રીનગર સોસાયટી નજીકથી બુધવારે પ્રસાર થઈ રહેલ એક વેપારીના એક્ટીવાને બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ લાત મારી તેમના રૂા. ૬ લાખ રોકડા ભરેલા થેલાની લૂંટ કરી તેઓ ભાગી ગયા હતા. જે અંગે વેપારીએ તરત જ બંને અજાણ્યા શખ્સો વિરુદ્ધ હિંમતનગર એ - ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે હિંમતનગરમાં આવેલ શ્રીનગર સોસાયટીમાં રહેતા પ્રફુલ્લચંદ જયંતિલાલ શાહે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ પોતાના ધંધા પરથી પરવારીને દિવસ દરમિયાન થયેલા રૂા. ૬ લાખના વકરા સાથેનું પાકીટ એક્ટીવા પર લઈને સાંજે ૭ વાગ્યાના સુમારે ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે બેરણા રોડ પર અચાનક એક બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સોએ પ્રફુલ્લચંદ્ર શાહના એક્ટીવાને લાત મારી પાડી દીધા હતા.

અચાનક બનેલી ઘટનાને કારણે પ્રફુલ્લચંદ્ર કંઈ સમજે તે પહેલા બાઈક પર આવેલા આ બંને અજાણ્યા શખ્શો રૂા. ૬ લાખનું પાકીટ લઈ ભાગી ગયા હતા. જેથી તેમને તરત જ બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ હિંમતનગર એ - ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે હિંમતનગર સહિત જિલ્લામાં વિવિધ સ્થળે ધોળે દિવસે વાહન ચોરી અને લૂંટના બનાવ વધી રહ્યા છે. ત્યારે પ્રજાની સલામતી સામે પ્રશ્નાર્થ ઊભો થયો છે. જેથી પોલીસ તંત્રએ ઘટતી કાર્યવાહી કરવી જોઈએ.

# અરવલ્લી જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અરવલ્લી, તા. ૨૮

જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા જાગૃતિ કાર્યક્રમ કલેકટર સભાખંડમાં યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા જુવેનાઈલ જસ્ટીસ એક્ટમાં કલમ-૭૪ની જોગવાઈથી અરવલ્લી જિલ્લાના પ્રિન્ટ અને ઈ મીડિયાના મિત્રો માહિતગાર થાય તે હેતુસર જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા મીડિયા માટે જિલ્લા સેવા સદન, જનરલ મીટીંગ હોલ ખાતે બાળ સુરક્ષા એકમની કામગીરી, બાળ લગ્ન, બાળ મજુરી, બાળ યૌન શૌષણ, ફરજિયાત શિક્ષણ, દત્તક વિધાન અને બાળ ભિક્ષા જેવા સંરક્ષિત ક્ષેત્રો અને બાળ અધિકારોની જાણકારી આપવામાં આવી.

કિશોર ન્યાય કાયદાની કલમ - ૭૪ મુજબ બાળકની ઓળખ જાહેર ન થાય તે માટે કાયદાની જોગવાઈ મુજબ કાયદાના સંપર્ક અને સંઘર્ષમાં આવેલ બાળકો તેમજ કાળજી અને રક્ષણની જરૂરિયાતવાળા બાળકોના નામ, સરનામું, ફોટોગ્રાફ અને ઓળખ જાહેર થતી વિગતો ચાઈલ્ડ વેરફેર કમિટિ અને જુવેનાઈસ જસ્ટીસ બોર્ડની મંજૂરી વિના પ્રિન્ટ મીડિયા અને ઈ મીડિયામાં પ્રદર્શિત ન કરવા અને જો પ્રદર્શિત થાય તો છ માસની સજા અથવા એક લાખ રૂપિયાનો દંડ અથવા બંને સજા થવાની જોગવાઈ કલમ - ૭૪ પ્રમાણે છે. આ અંગે તમામ પ્રિન્ટ મીડિયા અને ઈ મીડિયાના મિત્રોના જાણકારી આપવામાં આવી હતી.